પ્લેટફોર્મ પર ૧૦૦ મીટર સુધી ઘસડાયા બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ

પાનોલી સ્ટેશન નજીક ટ્રેનમાંથી મોબાઈલ ઝૂંટવનારાએ મુસાફરને મોતને ઘાટ ઉતાર્યો: CCTV ફૂટેજ સામે આવ્યા

મોબાઈલ ઝૂંટવી આરોપી સાથી સાથે ફરાર, રેલવે પોલીસે બે શંકાસ્પદોની શોધખોળ શરૂ કરી

(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ, તા. ૮

ભરૂચ જિલ્લાના પાનોલી રેલવે સ્ટેશન પર બનેલી એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટનાએ રેલ મુસાફરોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. જયપુર-બાંદ્રા સુપરફાસ્ટ ટ્રેન (નં. ૧૨૯૮૦)માં મુસાફરી કરી રહેલા ૩૨ વર્ષીય અશોક ગુર્જરનું ટ્રેનના દરવાજા પાસે મોબાઈલ ઝૂંટવવાના કૃત્ય બાદ થયેલા અકસ્માતે તેમનું દુઃખદ મૃત્યુ થયું છે.

મૂળ રાજસ્થાનના વતની અને રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા અશોક ગુર્જર સવાઈ માધવપુરથી સુરત જઈ રહ્યા હતા. તેઓ ટ્રેનના એન્જિનથી ત્રીજા ડબ્બાના જનરલ કોચના દરવાજા પાસે બેઠા હતા. ગત ૬ ઓગસ્ટે જ્યારે ટ્રેન પાનોલી સ્ટેશન પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારે સ્ટેશન પર બાકડા પર સૂતેલો એક શખસ અચાનક ઊભો થયો અને રફતાર ટ્રેનમાંથી તેમનો મોબાઈલ ઝૂંટવી લીધો. આ અચાનક આંચકાથી અશોક ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાયા. તેઓ થોડી વાર ડબ્બા સાથે લટકતા રહ્યા, પરંતુ પકડ છૂટી જતાં તેઓ પ્લેટફોર્મ પર પડ્યા અને લગભગ ૧૦૦ મીટર સુધી ઘસડાયા. દુર્ભાગ્યવશ ગુલાટી મારીને તેઓ ટ્રેન નીચે આવી ગયા, જેના કારણે ગંભીર રીતે ઘવાયેલા અશોકની ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી ગયા.આ ઘટનાના રૂંવાડા ઊભા કરી દેનારા સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે, મોબાઈલ ઝૂંટવ્યા બાદ આરોપી પોતાનું મોં ઢાંકીને ભાગી જાય છે અને થોડીવાર પછી પોતાના એક સાથીદાર સાથે પાછો આવીને નીચે પડેલી ચીજવસ્તુઓ ઉઠાવીને રફુચક્કર થઈ જાય છે.

ભરૂચ રેલવે પોલીસના PSI એસ. કે. રાણાએ જણાવ્યું કે, "CCTV ફૂટેજના આધારે બે શંકાસ્પદોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. રેલવે ક્રાઈમ બ્રાન્ચ સહિતની વિવિધ ટીમો તપાસમાં જોડાઈ છે. પાનોલી, અંકલેશ્વર અને ભરૂચ રેલવે સ્ટેશનના CCTV ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે."આ કરુણાંતએ ફરી એક વખત રેલવે પ્લેટફોર્મ અને ચાલુ ટ્રેનમાં મુસાફરોની સુરક્ષા અંગે ચિંતા વધારી છે, જ્યારે પોલીસ આરોપીઓની ધરપકડ માટે દબાણ વધારી રહી છે.

આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાના જતન માટે વૈશ્વિક ઝુંબેશ જરૂરી

૯મીઓગસ્ટ,આંતરરાષ્ટ્રીય વિશ્વઆદિવાસી દિવસની ઠેર ઠેર ધામધૂમથી ઉજવણી કરાશે

સહઅસ્તિત્વ અને સ્વાવલંબનનો આદિવાસી જીવનમંત્ર વિશ્વ માટે પ્રેરણારૂપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા.૮

સંયુક્ત રાષ્ટ્ર સંઘ યુનો દ્વારા બ્રાઝિલ ના રીયોડીજાનેરો ખાતે ૧૯૯૨ માં યોજાયેલ પૃથ્વી પરિષદ માં આદિવાસીઓને તેમના બંધારણીય અધિકારો અને માનવીય મુલ્યો અને તેમની જ્ઞાન પરંપરાઓ તથા માનવીય સર્વગ્રાહી વિકાસ માટે તેમજ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓ તેમજ તેમની બેનમૂન આદિવાસી જીવન પધ્ધતિઓ થકી સ્વાવલંબી અને તંદુરસ્ત જીવન જીવવા માટે વિશ્વ આખા ને પ્રેરણા મળે અને દુનિયામાં માનવ સહિત સમગ્ર જીવ સૃષ્ટિ ના સહ અસ્તિત્વ અને કલ્યાણ અર્થે સંયુક્ત રાષ્ટ્ર સંઘ (United Nations organization) (યુનો) દ્વારા ૧૯૯૨ ના વર્ષમાં યુનો સાથે સંકળાયેલા દુનિયા ના દેશો ની બેઠક યોજાય હતી, પૃથ્વી પરિષદ નામ એટલા માટે આપવામાં આવ્યું હતું કે જે બેઠક માં પૃથ્વી ને થઈ રહેલા નુકસાન ને કઇ રીતે રોકી શકાય તેની ગહનતાથી ચર્ચા કરવામાં આવી હતી.યોજાયેલ પૃથ્વી પરિષદ માં દુનિયાભરમાંથી આવેલા ૧૭૮ થી વધુ દેશોના વડાઓ, અર્થશાસ્ત્રી ઓ, વૈજ્ઞાનિકો, સમાજશાસ્ત્રીઓ, બુદ્ધિજીવીઓ અને આદિવાસી કર્મવિરો ની ઉપસ્થિતિ માં યોજાયેલ પૃથ્વી પરિષદ ની ગહન ચિંતન અને ચર્ચા ના અંતે વર્ષ ૧૯૯૩ થી વિશ્વ આખા માં આંતરરાષ્ટ્રીય વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી ની ઘોષણા કરવામાં આવી હતીઅને વર્ષ ૧૯૯૪ થી વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી ની શરૂઆત કરવામાં આવી હતી.

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સમાજ ના વાલસિંહભાઈ રાઠવા જણાવે છે કે આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગ જેવી સ્થિતિ સામે ઝઝુમી રહ્યું છે અને દુનિયા ના દરેક દેશો પ્રકૃતિ સુરક્ષા માટે લડી રહ્યા છે જેમાં ભોગવાદી જીવન શૈલીઓ અને પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ ના લીધે માનવ સભ્ય સંસ્કૃતિનું નિકંદન નીકળી રહ્યું છે, ભોગવાદી જીવન શૈલીઓ ના કારણે માણસે પોતાની ભૌતિક સુવિધાઓ ની ઘેલછા માં વિકાસ ના નામે પ્રકૃતિ ના શોષણ અને હનન થકી માનવ જીવન સહિત સમગ્ર જીવ સૃષ્ટિ પર અને પ્રુથ્વી પર જેની ગહરી અસર જોવા મળી રહી છે, બીજું કે આધુનિક ઔધોગિક વિકાસના નામે પ્રકૃતિ ને ભારે નુક્સાન પહોંચી રહ્યું છે.

૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ-ગ્રામજનો પરંપરાગત પોશાકમાં જોડાયા

કીડીઘોઘાદેવ શાળામાં પરંપરાગત રંગે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી

શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરાયું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા.૮

છોટાઉદેપુર તાલુકાની કીડીઘોઘાદેવ પ્રાથમિક શાળા ખાતે 'વિશ્વ આદિવાસી દિવસ'ની પરંપરાગત સંસ્કૃતિ અને ભારે ઉત્સાહ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ગૌરવશાળી પ્રસંગે આદિવાસી સમાજનું ગૌરવ અને છોટાઉદેપુર જિલ્લાના પ્રથમ આઈએફએસ (IFS) અધિકારી મહેન્દ્રસિંહ રાઠવા મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં પદ્મશ્રી પરેશભાઈ રાઠવા, અગ્રણી સામાજિક કાર્યકર વાલસિંગભાઈ રાઠવા, નિરંજનભાઈ રાઠવા, ગોપાલભાઇ રાઠવા તેમજ મનુભાઈ રાઠવા જેવા સમાજના અગ્રણીઓ હાજરી આપી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પ્રાસંગિક વક્તવ્ય આપતા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના મહત્વ, તેના ઈતિહાસ અને આદિવાસી સંસ્કૃતિના જતન અંગે વિસ્તૃત ચિતાર આપ્યો હતો.આ ઉજવણીની મુખ્ય વિશેષતા એ હતી કે શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક ગ્રામજનો પોતાના પરંપરાગત આદિવાસી પહેરવેશમાં સજ્જ થઈને આવ્યા હતા. સમગ્ર વાતાવરણ આદિવાસીઓના પારંપરિક વાજિંત્રો 'મોટલા ઢોલ' અને 'મોટલા પીહા'ના મધુર તાલે ગુંજી ઉઠ્યું હતું. પરંપરાગત સંગીતના તાલે સૌ કોઈ ઝૂમી ઉઠ્યા હતા અને પોતાની સાંસ્કૃતિક ધરોહરને ગર્વભેર ઉજવી હતી.

કાર્યક્રમમાં કીડીઘોઘાદેવ ના પૂર્વ સરપંચ રૂપસિંગભાઇ રાઠવા, જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી મિરાબેન રાઠવા સહિત સ્થાનિક આગેવાનો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સીઆરસી કો ઓર્ડીનેટર વરશનભાઈ રાઠવા અને શાળા પરિવાર વિનોદભાઈ રાઠવા, જગદીશ ભાઈ રાઠવા સહિત પ્રાથમિક શાળા તથા સરકારી માધ્યમિક હાઈસ્કૂલના સ્ટાફ તથા ૬૦૦ થી વધુ વિધાર્થીઓ અને ગ્રામજનો જોડાયા હતા.

હાલોલ લાયન્સ કલબ દ્વારા નિઃશુલ્ક મેટા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.7

પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે લાયન્સ ક્લબ ઓફ હાલોલ દ્વારા સમાજસેવાના ઉમદા હેતુ સાથે નિઃશુલ્ક મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ તેમજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા યજ્ઞમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આરોગ્ય તપાસનો લાભ લીધો હતો તેમજ સ્વૈચ્છિક રક્તદાન કરીને માનવસેવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન હાલોલના પાવાગઢ રોડ પર આવેલ લાયન્સ હોલ, એમ.એસ. હાઈસ્કૂલની બાજુમાં કરવામાં આવ્યું હતું. કેમ્પના આયોજનમાં પોલિકેબ વેલફેર સોશિયલ ફાઉન્ડેશન બ્લડ સેન્ટરના સહયોગથી ઈન્દુ બ્લડ બેન્કે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ દરમિયાન આશરે 160 જેટલા લોકોની વિવિધ આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. નિષ્ણાત તબીબો દ્વારા દર્દીઓની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.

NEP હેઠળ શિક્ષણ અને પરીક્ષા પદ્ધતિમાં સુધારા તરીકે ક્રેડિટ બેઝડ સિસ્ટમ લાગુ કરાશે

પોલિટેકનિકમાં પ્રથમ વર્ષના ડિપ્લોમા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

1900થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા, બિલ્ડિંગ સાથે નવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે.

(પ્રતિનિધિ) વડોદરા તા.8

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પોલિટેકનિક ખાતે પ્રથમ વર્ષના ડિપ્લોમા એન્જિનિયરિંગના નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 1900 થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

એમ.એસ. યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત તમામ શાખાઓ માટે ફેકલ્ટી સ્તરે સંયુક્ત રીતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમને બે સત્રમાં વહેંચવામાં આવ્યો હતો. ગ્રાન્ટ ઈન એઈડ જીઆઈએ કાર્યક્રમ સવારે 11:00 થી બપોરે 2:00 સુધી અને હાયર પેમેન્ટ એચપીપી કાર્યક્રમ બપોરે 2:00 થી સાંજે 5:00 સુધી યોજાયો હતો. ત્યારબાદ ડિપાર્ટમેન્ટ સ્તરે ઓરિએન્ટેશન યોજાયું હતું. જીઆઈએ કાર્યક્રમમાં અંદાજે 1200 અને એચપીપી કાર્યક્રમમાં 700 વિદ્યાર્થીઓ મળી કુલ 1900થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં યુનિવર્સિટીના સંયુક્ત રજિસ્ટ્રાર ડો. મયંક વ્યાસ અને ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના ડીન પ્રો. એચ.એમ. પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપલે કોલેજનો ગૌરવશાળી ઈતિહાસ રજૂ કર્યો હતો. પોલિટેકનિકના આચાર્ય જીતેન્દ્ર વાઢવાએ કોલેજના ઈતિહાસ વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે કોલેજની શરૂઆતથી ડિપ્લોમા કોર્સથી લઈને હાલમાં પાંચ ડિપ્લોમા પ્રોગ્રામને મળેલી એનબીએ માન્યતા અને નવા હાયર પેમેન્ટ પ્રોગ્રામ સુધીની વિકાસયાત્રા વિશે વાત કરી. નવી પોલિટેકનિક બિલ્ડિંગ સાથે નવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે. આ વર્ષથી નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 હેઠળ શિક્ષણ અને પરીક્ષા પદ્ધતિમાં સુધારા તરીકે ક્રેડિટ બેઝડ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. જેમાં યુનિવર્સલ હ્યુમન વેલ્યુઝ, ઈન્ડિયન નોલેજ સિસ્ટમ, ઈન્ટર્નશિપ, પ્રોગ્રામ ઈલેક્ટિવ જેવા નવા ઘટકો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઉમેરવામાં આવ્યા છે.

ડભોઈમાં જન સંપર્ક કાર્યાલય ખાતે "હર ઘર તિરંગા" કાર્યક્રમ ને લઈ ભાજપ ની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.8

ડભોઈ સ્થિત ધારાસભ્ય ના જનસંપર્ક કાર્યાલય ખાતે આગામી તા. ૧૧ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન યોજાનાર "હર ઘર તિરંગા - તિરંગા યાત્રા અભિયાન" અંતર્ગત ના આયોજન અર્થે જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય ના વડપણ હેઠળ બેઠક નું આયોજન થયું હતું. બેઠક માં વડોદરા જિલ્લા પ્રમુખ શ્રી ડૉ.બી.જે.બ્રહ્મભટ્ટ, ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા, પ્રદેશ ભાજપ ના સભ્ય શશિકાંતભાઈ પટેલ,શહેર પ્રમુખ દિક્ષિતભાઈ દવે, મહામંત્રી હિરેનભાઈ શાહ, વિજયભાઈ રબારી, વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ સહિત ડભોઈ તાલુકા તથા નગર ના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ ડૉ.બી. જે.ભ્રમભટ્ટ એ જણાવ્યું હતું કે આગામી 14 મી ઓગષ્ટની સાંજે વિભાજન વિભીષણ દિન ની ઉજવણી ના ભાગ રૂપે મશાલ રેલી યોજાશે.

નવરચના યુનિવર્સિટીમાં 'સેન્ટર ફોર પબ્લિક હેલ્થ'નો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

નવરચના યુનિવર્સિટીની સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા જાહેર આરોગ્ય ક્ષેત્રે સંશોધન, નવીનતા અને સમુદાયિક જોડાણને પ્રોત્સાહન આપવા માટે 'સેન્ટર ફોર પબ્લિક હેલ્થ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સેન્ટરનો ઉદ્દેશ ઉભરતા જાહેર આરોગ્ય પડકારો માટે પુરાવા આધારિત અને કાર્યલક્ષી ઉકેલો વિકસાવવાનો છે.

સેન્ટરનું ઉદ્ઘાટન આણંદ સ્થિત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ચેરમેન ડૉ. મીનેશ શાહના હસ્તે થયું હતું. ICMR-નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ, અમદાવાદના ડિરેક્ટર ડૉ. ભાવેશ મોદી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના ચેરપર્સન તેજલ અમીન સહિત અગ્રણીઓ અને શિક્ષણવિદો પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

ઉદ્ઘાટન બાદ 'વન હેલ્થ અભિગમ થકી 21મી સદીમાં જાહેર આરોગ્ય' વિષય પર પેનલ ચર્ચા યોજાઈ હતી. તેમાં જાહેર આરોગ્ય, તબીબી ક્ષેત્ર, શાસન, કૃષિ અને ઉદ્યોગના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. સેન્ટર સંશોધન, તાલીમ, માર્ગદર્શન અને વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારી દ્વારા જાહેર આરોગ્યને મજબૂત બનાવશે. સાથે જ તેના પ્રયાસો SDG-3 સહિત સારા આરોગ્ય અને સુખાકારી, ભૂખમરો નિવારણ, લિંગ સમાનતા અને આબોહવા સંરક્ષણ જેવા ટકાઉ વિકાસ લક્ષ્યો સાથે જોડાશે.

યુનિવર્સિટી અનુસાર, આ પહેલ વિદ્યાર્થીઓને વાસ્તવિક આરોગ્ય પડકારો સાથે જોડીને ભવિષ્યના જાહેર આરોગ્ય નેતાઓ તરીકે વિકસાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ભરૂચ SOGએ NDPS કેસમાં ૨ વર્ષથી ફરાર આરોપીને પાલેજથી ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) ભરૂચ. તા.8

ભરૂચ SOGની ટીમે એક મોટી સફળતા હાંસલ કરતાં NDPS ના કેસમાં છેલ્લા બે વર્ષથી ફરાર ચાલી રહેલા આરોપીને પાલેજથી ઝડપી લીધો છે. SOGના PI એ.વી. પાણમીયા અને PI કે.એલ. પટણીની ટીમને મળેલી બાતમીના આધારે, તા.6-9-2024ના રોજ અમદાવાદ DCB ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં રહેતો આરોપી વસીમખાન મહેમુદખાન પઠાણ (રહે. સાલેહપાક-1, પ્લોટ નં.62, જહાંગીરપાકની પાસે, પાલેજ, ભરૂચ) પાલેજ ખાતે તેના ઘરેથી પકડાયો.આ કેસમાં અગાઉ કુલ 194.850 કિલો ગાંજો (કિંમત રૂ.42,86,700/-) જપ્ત કરવામાં આવ્યો હતો. અને આરોપી છેલ્લા બે વર્ષથી વોન્ટેડ હતો.તેની અટક કરીને અમદાવાદ DCB ક્રાઈમ પોલીસ સ્ટેશનને જાણ કરી છે.

લાલ બંગલા અને માનસરોવર તળાવ વિસ્તારમાં ચોરીની કબૂલાત

લાલ બંગલા વિસ્તારમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, એક આરોપી ઝડપાયો

ગેસ બોટલ, એલસીડી ટીવી, વાસણો અને ચાંદીના આંકડા સહિતનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) દેવગઢ બારિયા, તા. 8

શહેરના લાલ બંગલા વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી થયેલી ઘરફોડ ચોરીના અનડિટેક્ટ ગુનાનો દેવગઢ બારિયા પોલીસે ભેદ ઉકેલી એક આરોપીને ઝડપી લીધો છે. પોલીસની કાર્યવાહી દરમિયાન ચોરીનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો હોવાનું પોલીસ પ્રેસનોટમાં જણાવાયું છે.

પોલીસને મળેલી બાતમીના આધારે કાપડી મચ્છી ફળિયામાં રહેતા અરબાજ ઈકબાલ ખાંડાના મકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસે ત્રણ ગેસની બોટલ, બે એલસીડી ટીવી, ચોરીના વાસણો તેમજ ચાંદીના ત્રણ આંકડા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ અન્ય એક સાગરીત સાથે મળીને લાલ બંગલા વિસ્તારમાં બંધ મકાનનું લોક તોડી ચોરી કરી હોવાની તેમજ માનસરોવર તળાવ વિસ્તારમાં પણ બંધ મકાનને નિશાન બનાવી ચોરી કર્યાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે.

પોલીસ તપાસમાં આરોપી રાત્રિના સમયે રેકી કરી બંધ મકાનોની માહિતી મેળવતો અને તક મળતાં આવા મકાનોને નિશાન બનાવી ચોરી કરતો હોવાની વિગતો સામે આવી છે. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી અન્ય સાગરીત તેમજ અગાઉ બનેલી ચોરીની ઘટનાઓમાં તેની સંડોવણી અંગે તપાસ શરૂ કરી છે.

MSUના પ્રોફેસરનું પુસ્તક Reclaiming Dharma નું ૧૦ ઓગસ્ટે અમદાવાદમાં વિમોચન

ધર્મને 21મી સદીની સંસ્કૃતિના સંદર્ભમાં રજૂ કરતું પુસ્તક, નીતિ-શિક્ષણ-સંસ્કૃતિ પર ભાર

ગુજરાતના રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગા રહેશે મુખ્ય મહેમાન :

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના પ્રો. હિતેશ ડી. રવિયા અને પ્રો. જગદીશ એસ. જોશી દ્વારા લિખિત પુસ્તક Reclaiming Dharma: The Hindu Awakening in the 21st Century નું વિમોચન 10 ઓગસ્ટના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાશે.

પુસ્તક વિમોચનના આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમભાઈ બીજલભાઈ છાંગા ઉપસ્થિત રહેશે. આ પુસ્તકમાં ધર્મને એક શાશ્વત સંસ્કૃતિક વિચાર તરીકે પ્રતિબિંબિત કરવામાં આવ્યો છે. 21મી સદીમાં સમકાલીન ભારતના સંદર્ભમાં ધર્મની પ્રાસંગિકતાને ખાસ કરીને નીતિ, શિક્ષણ, સંસ્કૃતિ, પર્યાવરણ અને રાષ્ટ્રીય પુનરુત્થાનના ક્ષેત્રોમાં તપાસવામાં આવી છે. પુસ્તકમાં ભારતની ભાવિ દિશા સંસ્કૃતિક આત્મજ્ઞાન સાથે જોડાયેલી હોવાનું અને નકલથી આગળ વધીને ધર્મના શાશ્વત મહત્વ સાથે ફરીથી જોડાવાની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. લેખક પ્રો. હિતેશ ડી. રવિયાએ જણાવ્યું કે, આ પુસ્તક ભારતના દરેક જિજ્ઞાસુ, વિદ્યાર્થી અને નાગરિક માટેનું આહ્વાન છે. આવો, આપણે સાથે મળીને ધર્મ આધારિત આવતીકાલ તરફ કદમ ભરીએ.

બે ચોપડી ભણેલા દેસિંગભાઈની કળાને રાજ્યસ્તરે સન્માન, રોકડ પુરસ્કાર-પ્રમાણપત્રથી નવાજ્યા

પેઢીઓથી પીઠોરાની પવિત્ર ચિત્રકળાની સાધના, દેસિંગભાઈ રાજ્યમાં પ્રથમ

પુત્ર પણ પિતાની પાસેથી પીઠોરા ચિત્રકળાના પાઠ ભણી પરંપરા આગળ ધપાવવા તૈયાર

(પ્રતિનિધિ) છોટાઉદેપુર

કલા એ સાધના છે અને જે કલાની સાધના કરે છે એ સાધક તરીકે સન્માન પામે છે.છોટાઉદેપુર તાલુકા - જિલ્લાના રાઠ વિસ્તારના રંગપુર સઢલી ગામના વતની દેસિંગભાઈ ચિલિયાભાઈ રાઠવા આજે પરિવારની લગભગ ચોથી પાંચમી પેઢીએ આદિવાસી સમાજની પવિત્ર ચિત્રકારી પીઠોરો લખવાનો વારસો આગળ ધપાવી રહ્યા છે.હાલ તેમનો દશમા ધોરણમાં ભણતો પુત્ર બાબા પીઠોરા ની આરાધના જેવી આ ચિત્રકારીના પાઠ ભણીને પરિવારનો વારસો સાચવવા અને આગળ ધપાવવા તૈયાર થઈ રહ્યો છે.

દેસિંગભાઈ ને તેમનો પરિવાર આ બાબા પીઠોરા ની સાધના જેવી આ ચિત્રકારી ક્યારથી કરી રહ્યો છે તેની ખાસ ખબર નથી.પરંતુ એમને એટલી ખબર છે કે એમના પિતા સ્વ. ચિલિયાભાઈ એમના પિતા પાસેથી અને એમના પિતાએ એમના પિતા પાસેથી આ પવિત્ર પીઠોરા લેખન કલા શીખી હતી.એટલે કે એમના કુટુંબમાં પેઢી દર પેઢી આ કલા ઊતરી છે.

તાજેતરમાં દેસિંગભાઈ ની ગુજરાતના રાજ્યના કુટિર ઉદ્યોગ વિભાગના ઉપક્રમે હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર કારીગરોના સન્માનની યોજના હેઠળ મધ્ય ઝોનમાં પ્રથમ ક્રમે પસંદગી થઈ અને એમને રોકડ પુરસ્કાર,પ્રમાણપત્ર અને શાલ થી નવાજવામાં આવ્યા છે.૯ મી ઓગસ્ટે ઉજવાતા વિશ્વ આદિવાસી દિવસની પૂર્વ સંધ્યાએ આદિવાસી કલા કારીગરીનું સન્માન આનંદ ની ઘટના ગણાય.

તેઓનો અભ્યાસ માંડ બે ચોપડી સુધીનો છે પરંતુ ચિત્રકલા ની આ વિશિષ્ઠ નિપુણતા એ તેમને કલાગુરુનું સન્માન અપાવ્યું છે.તેઓને રાજ્યની અને દેશની કલા સંસ્થાઓ પીઠોરા ચિત્રકારીના કૌશલ્યો સમજાવવા તેડું મોકલે છે. આંતર રાજ્ય કલા પ્રદર્શનોમાં તેઓને બોલાવવામાં આવ્યા છે અને સંખ્યાબંધ પ્રમાણપત્રો તેમની પાસે જમા થયા છે.

તેમની સિદ્ધિ પુરવાર કરે છે કે ઉચ્ચ શિક્ષણ ની ખોટ કલા સાધનાથી સરભર થઈ શકે છે.કારણ કે તેઓ લગભગ અશિક્ષિત છે છતાં પીઠોરા દેવની પવિત્ર ચિત્રકારીએ તેમને દેશના મહાનગરોની મુલાકાત કરાવી છે.તેઓ હાલમાં પોતાના ગામમાં યુવાનોને આ આદિવાસી કલા વારસાનું પ્રશિક્ષણ આપીને,તેને સચેતન રાખવાનું કામ કરી રહ્યા છે.

તેઓને વર્ષે દહાડે સરેરાશ ૧૫ જેટલા પીઠોરા લેખનનું કામ મળે છે.આ કામ એક પ્રકારની પૂજા પરંપરા અને આદિવાસી સંસ્કૃતિનો સમૃદ્ધ વારસો છે.પાંચ,નવ, અઢાર ઘોડા પ્રમાણે આ ચિત્ર ની લંબાઈ પહોળાઈ નક્કી થાય છે.એક રીતે માનતા કે બાધા પૂરી કરવાના ભાગરૂપે ઘરમાં બાબા પીઠોરા નું દેવસ્થાન તૈયાર કરવાનું આ કામ છે.અને દેસિંગભાઈ જેવા સાધકો આ સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખનારા સાધકો છે.

પાલેજમાં ટ્યુશન ક્લાસમાં સગીર વિદ્યાર્થિની સાથે છેડતી કરનાર શિક્ષકની ધરપકડ

ધોરણ-૮ની ૧૪ વર્ષીય વિદ્યાર્થીનીએ પરિવારને જાણ કરતાં પાલેજ પોલીસે POCSO હેઠળ ગુનો નોંધ્યો

સગીરાના નિવેદન અને ફરિયાદના આધારે આગળની તપાસ કરાશે

(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

ભરૂચ જિલ્લાના પાલેજ ધનજીશા જીનમાં ખાનગી ટ્યુશન ક્લાસ ચલાવતા શખ્સે ધોરણ-૪માં અભ્યાસ કરતી 14 વર્ષની સગીરા વિદ્યાર્થીની સાથે અયોગ્ય વર્તન કરી છેડતી કરી હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. સગીરાએ ઘરે જઈ પરિવારજનોને ઘટનાની જાણ કરતાં પાલેજ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, પાલેજ ધનજીશા જીનમાં રહેતો અયુબખાન ઉમરભાઈ બેલીમ ખાનગી ટ્યુશન ક્લાસ ચલાવે છે. તેની પાસે ધોરણ-૪માં અભ્યાસ કરતી 14 વર્ષ અને 14 દિવસની સગીરા નિયમિત ટ્યુશન માટે આવતી હતી. બનાવના દિવસે સગીરા ક્લાસમાં હાજર હતી ત્યારે આરોપીએ તેની સાથે અયોગ્ય અને અશ્લીલ વર્તન કર્યું હોવાનો આક્ષેપ છે. અચાનક બનેલી ઘટનાથી સગીરા ગભરાઈ ગઈ હતી.

ઘરે પહોંચ્યા બાદ સગીરાએ પરિવારજનોને સમગ્ર ઘટના જણાવી હતી. ત્યારબાદ પરિવારજનો પાલેજ પોલીસ મથકે પહોંચ્યા હતા અને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પાલેજ પોલીસે અયુબખાન ઉમરભાઈ બેલીમ વિરુદ્ધ પોક્સો એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે ઝડપી કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી છે. સમગ્ર મામલે PI એન.કે. ડાભીના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરવામાં આવી છે.

સગીરા સાથે બનેલી આ ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર ફેલાઈ છે.